# અહેવાલ

તા.૦૪/૦૨/૨૦૨૩

## પ્લેસમેન્ટસ અંતર્ગત ઈન્ડસ્ટ્રિયલ મુલાકાત

સરકારી વિનયન, વાણિજ્ય અને સાયન્સ કોલેજ, ખેરગામ દ્વારા ઉદિશા પ્લેસમેન્ટ ઈનોવેશન ક્લબ તથા જી-20 સેલ અંતર્ગત જી.આઈ.ડી.સી બીલીમોરા ખાતે આવેલ શ્રી દત્ત પ્લાસ્ટીક, એસ.એન.ડી. ઈન્ડસ્ટ્રીઝ, ઈ.એન.પી. ઈન્ડસ્ટ્રીઝ તથા જ્યોતિ ઈન્જીન્યરીંગ વર્કસની મુલાકાત યોજવામાં આવી. કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ તા.04/02/2023 ના શનિવારના રોજ ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કંપનીની કામગીરીથી માહિતગાર કરવા આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી દત્ત પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝનાં માલિક તેજશભાઈ દેસાઈ એસ.એન.ડી. ઈન્ડસ્ટ્રીઝના માલિક રૂપલબેન દેસાઈ તેમજ ટેકનિકલ એડવાઝર અને વી.એસ.પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરાના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર શ્રી દીપેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વિદ્યાર્થીઓને કંપનીની ઓટોમોબાઇલ્સમાં વપરાતા પાર્ટસની કામગીરી કાચોમાલ, પ્રોસેસ, ટર્નઓવર તેનું માર્કેટીંગ અને એક્સપોર્ટ અંગેની વિશેષ માહિતી આપી હતી અને ટાટા એસ સાથેનું સહયોગ અંગેની માહિતી, કંપનીના રોકડપ્રવાહ તથા પ્રવાહિતા અંગે માહિતગાર કર્યા હતા. તેમજ ઈ.એન.પી. કંપનીના માલિક દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને કંપનીની પ્રોસેસઅંગેની માહિતી આપી હતી. તથા જ્યોતિ ઈન્જીન્યરીંગ વર્કસમાં પ્રોડક્સનથી લઈને સેલીંગ જાણકારી આપવામાં આવી હતી. આ વિઝિટમાં ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં કોલેજના 22 વિદ્યાર્થીઓ તથા 3 આધ્યાપકો તેમજ આચાર્યશ્રીએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

GOVT. ARTS, COMMERCE & SCIENCE COLLEGE
KHERGAM
TAL. KHERGAM DIST. NAVSARI

Principal,
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist-Navsari.
Code No. 1530